# 3 જાન્યુઆરી, 2026ની એ રાત્રે ડેલ્ટા ફોર્સે જે રીતે ઓપરેશન પાર પાડ્યું, તેની ચર્ચા દાયકાઓ સુધી લશ્કરી તાલીમ સ્કૂલોમાં થતી રહેશે




3 જાન્યુઆરી, 2026ના રોજ દુનિયા હજુ તો નવા વર્ષની ઉજવણીનાં કેફમાં હતી, ત્યારે દક્ષિણ અમેરિકાના એક દેશ વેનેઝુએલામાં ઇતિહાસનું સૌથી મોટું અને જોખમી લશ્કરી ઓપરેશન અમેરિકા દ્વારા પાર પાડવામાં આવ્યું. અમેરિકાની અત્યંત ગુપ્ત અને ઘાતક ગણાતી 'ડેલ્ટા ફોર્સ'એ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને તેમના જ સુરક્ષિત કિલ્લા સમાન નિવાસસ્થાનેથી ઉઠાવી લેવાયા હતા. 'ઓપરેશન એબ્સોલ્યુટ રિઝોલ્વ' નામના આ મિશને સમગ્ર વિશ્વને સ્તબ્ધ કરી દીધું છે. કોઈ સાર્વભૌમ દેશના રાષ્ટ્રપતિને આ રીતે લશ્કરી કાર્યવાહી દ્વારા પકડી પાડવાની ઘટના આધુનિક ઇતિહાસમાં અત્યંત દુર્લભ છે.

આ ઓપરેશન પાછળ મહિનાઓની તૈયારી અને જબરદસ્ત ઇન્ટેલિજન્સ નેટવર્ક કામ કરી રહ્યું હતું. અમેરિકી ગુપ્તચર એજન્સી CIA ઓગસ્ટ 2025થી જ માદુરોની પળેપળની હિલચાલ પર નજર રાખી રહી હતી. માદુરો ક્યારે સૂવે છે, શું ખાય છે, ક્યા રસ્તે પ્રવાસ કરે છે અને તેમના અંગત રક્ષકો (જેમાં મોટાભાગના ક્યુબન સૈનિકો હતા)ની સંખ્યા કેટલી છે - આ તમામ માહિતી એકઠી કરવામાં આવી હતી.

અમેરિકાના કેન્ટુકી રાજ્યમાં માદુરોના નિવાસસ્થાન 'ફુએર્ટે ટિયુના' જેવી જ એક આબેહૂબ પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી. ડેલ્ટા ફોર્સના કમાન્ડોએ ત્યાં મહિનાઓ સુધી પ્રેક્ટિસ કરી હતી કે કેવી રીતે થોડી જ સેકન્ડોમાં સ્ટીલના દરવાજા કાપીને અંદર ઘૂસવું. 3 જાન્યુઆરીની મધ્યરાત્રિએ બરાબર 2:00 વાગ્યે ઓપરેશન શરૂ થયું હતું. સૌથી પહેલા અમેરિકાના સાયબર કમાન્ડે વેનેઝુએલાના પાટનગર કરાકાસની આખી પાવર ગ્રીડ ઠપ કરી દીધી હતી. આખું શહેર અંધકારમાં ડૂબી ગયું હતું. તે જ સમયે, અમેરિકી વાયુસેનાના 150થી વધુ વિમાનો, જેમાં B-1 બોમ્બર્સ અને F-35 ફાઈટર જેટ્સ સામેલ હતા, તેમણે વેનેઝુએલાની રડાર સિસ્ટમ અને એર ડિફેન્સ નેટવર્કને તોડી પાડ્યું હતું.

આ હવાઈ હુમલાઓ માત્ર એક 'ડાયવર્ઝન' (ધ્યાન ભટકાવવા માટેની યુક્તિ) હતા. અસલી ખેલ તો હવામાં 100 ફૂટની નીચી ઊંચાઈએ ઉડી રહેલા હેલિકોપ્ટરો રમી રહ્યા હતા. 'નાઈટ સ્ટોકર્સ' તરીકે ઓળખાતી 160મી સ્પેશિયલ ઓપરેશન એવિએશન રેજિમેન્ટના હેલિકોપ્ટરો ડેલ્ટા ફોર્સના કમાન્ડોને લઈને માદુરોના કિલ્લા તરફ આગળ વધી રહ્યા હતા.



ડેલ્ટા ફોર્સના કમાન્ડો સીધા માદુરોના નિવાસસ્થાનના આંગણામાં ઉતર્યા હતા. ત્યાં હાજર ક્યુબન ગાર્ડ્સ અને વેનેઝુએલાના સૈનિકો સાથે ભીષણ ગોળીબાર થયો હતો. અહેવાલો મુજબ, આ અથડામણમાં 40થી વધુ રક્ષકો માર્યા ગયા હતા, જ્યારે અમેરિકી પક્ષે કોઈ જાનહાનિ થઈ નહોતી.

**નિકોલસ માદુરોની ધરપકડ એ માત્ર એક સરમુખત્યારની ધરપકડ નથી પણ બદલાતા વિશ્વ વ્યવસ્થાનો સંકેત: અમેરિકાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે તે તેના હિતો માટે ગમે તે હદ સુધી જઈ શકે**

માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસ તે સમયે નિદ્રાધીન હતા. ધડાકાઓનો અવાજ સાંભળીને તેઓ જાગી ગયા અને એક સુરક્ષિત સ્ટીલના દરવાજાવાળા રૂમ તરફ દોડ્યા હતા. પરંતુ ડેલ્ટા ફોર્સના કમાન્ડો એટલી ઝડપી હતા કે માદુરો દરવાજો બંધ કરી શકે તે પહેલા જ તેમણે રૂમમાં પ્રવેશ કરી લીધો હતો. માદુરોને તરત જ કસ્ટડીમાં લેવામાં આવ્યા, તેમની આંખે પાટા બાંધવામાં આવ્યા અને હાથકડી પહેરાવીને હેલિકોપ્ટરમાં બેસાડી દેવામાં આવ્યા હતા. સવારે 3:29 વાગ્યા સુધીમાં તો માદુરો કેરેબિયન સમુદ્રમાં તૈનાત અમેરિકી યુદ્ધ જહાજ 'USS Iwo Jima' પર પહોંચી ગયા હતા. અમેરિકાએ માદુરો પર 'નાર્કો-ટેરરિઝમ' (માદક દ્રવ્યોના આતંકવાદ)નો આરોપ લગાવ્યો છે. 2020માં જ અમેરિકાના ન્યાય વિભાગે માદુરો પર ડ્રગ્સની હેરાફેરી અને આતંકવાદી સંગઠન FARCને મદદ કરવાનો આરોપ મૂકીને તેમના પર 15 મિલિયન ડૉલરનું ઇનામ જાહેર કર્યું હતું. ધરપકડ બાદ માદુરોને સીધા ન્યૂયોર્ક લઈ જવામાં આવ્યા, જ્યાં 5 જાન્યુઆરીએ મેનહટન ફેડરલ કોર્ટમાં તેમને રજૂ કરવામાં આવ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને આ ઓપરેશનને એક 'લૉ-એન્ફોર્સમેન્ટ એક્શન' (કાયદાકીય કાર્યવાહી) તરીકે ગણાવ્યું છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે માદુરો એક ગુનેગાર છે અને તે અમેરિકામાં ડ્રગ્સ ઘુસાડીને લાખો યુવાનોનું જીવન બરબાદ કરી રહ્યો હતો. જોકે, આંતરરાષ્ટ્રીય કાયદાના નિષ્ણાતો આ કાર્યવાહીની કાયદેસરતા સામે સવાલો ઉઠાવી રહ્યા છે.

વેનેઝુએલામાં આ ઘટના બાદ ભારે અરાજકતા જોવા મળી હતી. વાઈસ પ્રેસિડેન્ટ ડેલ્સી રોડ્રિગ્ઝે આ ઘટનાને 'અપહરણ' ગણાવીને અમેરિકાની આકરી ટીકા કરી હતી. જોકે, વેનેઝુએલાના લશ્કરે લાંબો સમય પ્રતિકાર કરવાને બદલે ડેલ્સી રોડ્રિગ્ઝને કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે સ્વીકારી લીધા છે.

બીજી તરફ, રશિયા, ચીન અને ઈરાને આ હુમલાની સખત નિંદા કરી છે. સંયુક્ત રાષ્ટ્રમાં પણ આ મુદ્દે ગરમાગરમ ચર્ચાઓ થઈ હતી. ઘણા દેશોએ તેને કોઈ દેશની સાર્વભૌમત્વ પરનો સીધો હુમલો ગણાવ્યો છે. પરંતુ અમેરિકામાં વસતા વેનેઝુએલાના લોકોએ રસ્તા પર ઉતરીને આ ઘટનાની ઉજવણી કરી હતી અને તેને 'તાનાશાહીનો અંત' ગણાવ્યો હતો.

**વિકલ્પ**
★ દીપક આશર

ઘણા વિશ્લેષકો માને છે કે આ ઓપરેશન પાછળ માત્ર ડ્રગ્સના આરોપો જ નહીં, પરંતુ વેનેઝુએલાના વિશાળ તેલના ભંડારો પર કબજો મેળવવાની ઈચ્છા પણ રહેલી છે. વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો તેલનો ભંડાર છે. ટ્રમ્પ પ્રશાસને એક 'એનર્જી ટ્રસ્ટીશિપ'ની વાત કરી છે, જેનો અર્થ એ છે કે જ્યાં સુધી ત્યાં લોકશાહી સરકાર ન બને ત્યાં સુધી તેલના ભંડારોનું સંચાલન આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ (મતલબ- અમેરિકાના પ્રભાવ હેઠળ) કરવામાં આવશે. આનાથી વૈશ્વિક તેલ બજારમાં પણ ધરખમ ફેરફારો આવવાની શક્યતા છે. જો અમેરિકા વેનેઝુએલાના તેલનું ઉત્પાદન વધારે તો રશિયા અને

- » મિશનનું નામ: ઓપરેશન એબ્સોલ્યુટ રિઝોલ્વ.
- » તારીખ: 3 જાન્યુઆરી, 2026
- » યુનિટ: ડેલ્ટા ફોર્સ અને 160 SOAR (Night Stalkers).
- » તકનીક: સાયબર હુમલા દ્વારા પાવર કટ અને સ્ટીલ્થ હવાઈ હુમલા.
- » પરિણામ: પ્રમુખ માદુરોની ધરપકડ અને ન્યૂયોર્કની કોર્ટમાં સુનાવણી.
- » મૂળ કારણ: નાર્કો-ટેરરિઝમ, ઓઈલ, રાજકારણ.

ઓપેક દેશોનો પ્રભાવ ઓછો થઈ શકે છે. ચીન જે વેનેઝુએલા પાસેથી મોટા પ્રમાણમાં તેલ લે છે, તેને પણ આનાથી મોટો ફટકો પડ્યો છે. વર્ષ 2020માં પણ માદુરોને ઉથલાવવા માટે 'ઓપરેશન ગિડિયન' નામનો પ્રયાસ થયો હતો, જે ખાનગી સિક્યુરિટી ફર્મના પૂર્વ સૈનિકો દ્વારા કરવામાં આવ્યો હતો. તે ઓપરેશન ખરાબ રીતે નિષ્ફળ ગયું હતું અને માદુરોની સેનાએ હુમલાખોરોને પકડી લીધા હતા. પરંતુ 2026નું આ મિશન 'ડેલ્ટા ફોર્સ' દ્વારા પાર પાડવામાં આવ્યું હતું, જે વિશ્વની સૌથી કાર્યક્ષમ સ્પેશિયલ ફોર્સ માનવામાં આવે છે. આ વખતે અમેરિકાએ તેની આખી લશ્કરી તાકાત - સાયબર એટેકથી માંડીને સ્ટીલ્થ ડ્રોન્સ સુધી - લગાવી દીધી હતી, જેના કારણે માદુરોની રક્ષા કરવી અશક્ય બની ગઈ હતી. નિકોલસ માદુરોની ધરપકડ એ માત્ર એક વ્યક્તિની ધરપકડ નથી, પણ બદલાતા વિશ્વ વ્યવસ્થાનો સંકેત છે. અમેરિકાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે તે તેના હિતો માટે ગમે તે હદ સુધી જઈ શકે છે. વેનેઝુએલાનું ભવિષ્ય હવે અનિશ્ચિતતાના વમળમાં છે. શું ત્યાં લોકશાહી સ્થપાશે કે પછી અમેરિકા પ્રેરિત કઠપૂતળી સરકાર આવશે? તે તો આવનારો સમય જ કહેશે. પરંતુ એક વાત તો નક્કી છે કે, 3 જાન્યુઆરી 2026ની એ રાત્રે ડેલ્ટા ફોર્સે જે રીતે ઓપરેશન પાર પાડ્યું, તેની ચર્ચા આવનારા દાયકાઓ સુધી લશ્કરી અકાદમીઓમાં થતી રહેશે. આ ઘટના એ વાતની સાક્ષી પૂરે છે કે આજના ડિજિટલ અને સુપર-પાવર યુગમાં કોઈ પણ કિલ્લો સુરક્ષિત નથી જો સામે 'ડેલ્ટા ફોર્સ' જેવી અત્યાધુનિક શક્તિ હોય.●